**ફો.કેસ નં.૪૫૮૬/૨૦૨૬**

**-:: હુકમ ::-**

આ કામના આરોપી નિલેશકુમાર અરવિંદભાઇ વાણંદ સામે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં પ્રોહી.ગુ.ર.જી.નં.૧૧૨૦૦૦૧૧૨૬૦૩૭૪/૨૦૨૬ ના કામે પ્રોહી એક્ટની કલમ-૬૬(૧)(બી) મુજબના ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં કરવામાં આવેલ.

સદર ચાર્જશીટના આધારે આરોપીને ચાર્જશીટ સાથે રજુ કરેલ તેમને પોલીસ પેપર્સની નકલો આપેલ, આરોપીએ આંક-૦૩ થી પ્લી રેકર્ડ કરેલ અને આંક-૦૪ થી કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ હોવાનું જણાવેલ.

ઉપરોક્ત કબુલાત પુરસીસ તથા પ્લી નોંધેલ ત્યારે આરોપીને સમજાવેલ કે, તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ છતાં કબુલ કરેલ અને રજૂઆત કરેલ કે, ગરીબ માણસ છું, મારા પરિવારની જવાબદારી મારી ઉપર છે અને મારો પ્રથમ ગુનો છે મને સમાજમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે રહેવા માટે મારો પ્રથમ ગુનો હોય ફરીથી આવા ગુના નહી કરવા ખાત્રી આપેલ છે મને ઓછી સજા રૂપે દંડ કરી યોગ્ય હુકમ કરવા અરજ કરેલ છે.

ઉપરોક્ત આરોપીની રજૂઆતો ધ્યાને લેતાં આરોપીનો પ્રથમ ગુનો હોય સમાજમાં સારી રીતે રહેવા અને સુધરવાની તક આપવા માટે અને પરિવારની જવાબદારી છે અને કબુલાલ પુરસીસના કારણો તથા આરોપીની રજૂઆતો ધ્યાને લેતાં અને કાયદાની જોગવાઇ ધ્યાને લેતાં આરોપી સામેના ગુનાની જોગવાઇઓ જોતાં અને નામદાર ગુજરાત હાઇકોર્ટના નટવરલાલ ઠાકોરના જજમેન્ટને ધ્યાને લઇ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપી નિલેશકુમાર અરવિંદભાઇ વાણંદને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૭૫ અન્વયે પ્રોહી એક્ટની કલમ-૬૬(૧)(બી), માં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૫૦૦/- અંકે રૂપિયા પાંચ સો પુરા દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ન ભરે તો દિવસ–૫ (પાંચ) ની સાદી કેદની સજા કરવાનો હુક્મ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૦૯ મી માહે જુલાઈ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯.૦૭.૨૦૨૬
સ્થળ: વલસાડ

(સોનલકુંવરબા જસવંતસિંહ ચાવડા)
બીજા એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
વલસાડ
કોડ નં.જી.જે.૦૧૩૦૭